જુલ્મી લુટારાના પંજામાં

સપડાયલી સુંદરી.

ભાગ ૧ લો.

(એક કલ્પીત રસીલી વાર્તા.)

—રચનાર—

ભીમરાવ લક્ષ્મણરાવ નીકમ,

ઠે. ભાગાતળાવ-સુરત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

નગીનદાશ હરકીશનદાસ વાંકાવાળા,

ઠે. ચોકબજાર-સુરત.

સંવત ૧૯૭૧. સને ૧૯૧૫.

કીંમત ૨ આના.

—બે બોલ—

વાંચક! મારી નાનકડી કલમે આ વાર્તા લખવાને પહેલવહેલોજ હાથ દોરવ્યો છે. અને તેથી આ વાર્તામાં કોઇ ઠેકાણે ભાષા અથવા વાક્ય રચનામાં ભૂલ રહી હશે તે સુધારી વાંચવા હું વિનંતિ કરૂં છું. તેમજ આ વાર્તાનો બીજો ભાગ થોડાજ વખતમાં બહાર પાડીશું તેની અંદર વાર્તાનો સારો સમાવેશ કરવામાં આવ્યો છે. જે વાંચવાથી પહેલા ભાગની સમજ પડશે. લી૦

ભીમરાવ.

સુચના—હમારા ગ્રાહકો તરફથી હમને કેટલીક જાહેરખબરો મળી હતી. પરંતુ જગ્યા ન હોવાથી આ ભાગમાં લીધી નથી. તેઓને હમારી વિનંતી છે કે, આ ચોપડીના બીજા ભાગમાં તેઓની જાહેરખબર લઇશું. તેમજ આ ચોપડીના આગાઉથી ગ્રાહક થનાર અને મી. એસ. એચ. એ. મુનશી સાહેબે જે આશ્રય આપ્યો છે તે માટે તેઓનો આભાર માનું છું.

લી.

એન. એચ. વાંકાવા

જુલ્મી લુટારાના પંજામાં સપડાયેલી સુંદરી.

૧ લું.

જુલ્મીનો દોર દમામ !

"ત્હારેજ કરવું પડશે...સમજ્યો બચ્ચા!" તે શખ્સે સીગાર સળગાવતાં કહ્યું. "શું તે કરપીણ ખુ...નો, ના...ના...તે મ્હારાથી કદિ બનશે નહિ!" મક્કમપણે જવાબ મળ્યો.

"એહ એહ ઉલ્લુના પઠ્ઠા, હીચકારાની માફક ધ્રુજી શાને મરે છે; તું શું નહિ કરશે? જો મ્હારા હાથમાં શું છે!" તે સીગાર ફેંકતા તરડાઇ બોલ્યો "રી...વો...લ્વ...ર!" તુટતો જવાબ મળ્યો.

"હા, રીવોલ્વર છે અને તે ત્હારા માટેજ. સમજ્યો! હું તને એકથી દસ સેકંડ આપું છું, એ અરસામાં તારા મોંઢામાંથી હા કહીશ તો ઠીક છે, નહિ તો તું એકજ અવાજથી જમીનપર આળોટતો થઇ જશે...કુતરા! મારો પગાર ખાઇ મારૂં કામ કરવા ના કહે છે?"

"ત્યારે શું આવા કાળા કૃત્યો કરવાને હું હા પાડું?" ઉશ્કેરાયલી હાલતે જવાબ મળ્યો.

"જો દીકરા, હું તને ખુશી કરીશ, તને મારો મિત્ર બનાવીશ, આ કામ માટે તને હજાર રૂપિયા ઇનામ તરીકે આપીશ" તેને લલચાવતાં બોલ્યો.

"ના તે કદિ માંહરાથી બનશે નહિ!" જવાબ મળ્યો.

"બોલ શું કહે છે? દશ સેકંડ!" તેના કપાળ ઉપર રીવોલ્વર અથડાવી તે શખ્સ બોલ્યો. "ના! નહિ!" "જો હું સેકંડ ગણું છું, એક...બે...ત્રણ...ચાર...પાંચ...છ...સાત....આઠ...નવ" રીવોલ્વરનો ઘોડો ચઢાવીને "કેમ? એકજ સેકંડમાં ખેલ ખતમ થઇ જશે!"

"હા, શેઠ હું ખુશીથી તમારૂં કામ બજાવીશ!"

"કાંઇ વાંધો?"..."કંઇજ નહિ"..."ચોકકસ કહે છે?" "હાજી," એટલું કહી તે શખ્સ ત્યાંજ થાંભલાની માફક સ્થીર ઉભો રહ્યો. એટલે પેલા શખ્સે રીવોલ્વર ટેબલપર મુકી ખુશ થતાં ઘંટ વગાડયો, એટલામાં ત્રીજો શખ્સ ઉમેરાયો. આવનાર એક મુસલમાની ડ્રેસમાં સજ્જ થયેલો, કદાવર અંગનો, લાંબો પહાડ જેવો હતો. "કાસીમ, લાવ્યો?"..."હાજી!"..."કયાં છે?"..."ભોયરામાં"..."બહુ સારૂં કિંતું, મહમદ અને સખારામ મળી આ ઉલ્લુનો પઠ્ઠો બ્હી મરે છે તેને મદદ કરજો,"..."વારૂ!" તે માણસે જવા માટે પોતાના કદમ ઉપાડયા. "સબુર, કાસીમ! આ વીરભદ્રને તારી સાથે લઇ જા; અને હું ટેલીફોનથી કહીશ, તેજ પ્રમાણે કરજો, ભૂલ થાય નહિ સમજ્યો? વીરભદ્ર આનાકાની કરે કે તુરત કહી સંભળાવજે." "વીરભદ્ર! કાસીમ સાથે જા, પણ દીકરા યાદ રાખજે કે, જરાપણ આનાકાની બતલાવીશ તો તારૂં માથું ડુલ...કેમ જાય છે કે?..."હા!"..."વાહ! દીકરો ડાહ્યો બની ગયો ખરો, હવે કેવો મજેનો લાગે છે. જા, ફત્તેહ કર! અને તેમ કરશે તો તારૂં કીસ્મત ખુલી જશે, શાબાશ! કાસીમ! ભૂલીશ મા, મને ટેલીફોનથી જણાવજે. તે બન્ને જુવાનોના ગયા પછી પેલો દરકી જુવાન ઓરડામાંથી ખુશહાલ ચ્હેરે છજામ

ગયો, ત્યાં થોડીક પળ ઉભો રહી પોતાના બગિચાની શોભા નિહાળતો હતો ત્યાંથી પાછો પોતાના ધરકી પગલાંને નચાવતો ઓરડામાં ફરતો એક મોટો એન્લાર્જ ફોટો કે જે સુન્દર ફ્રેમોથી જડિત હતો, ત્યાં આગળ આવી તે ફોટાને તેની જગ્યા પરથી કાઢી લઇ, ટેબલ પાસેની એક ઇઝીચેરપર બેસી નાટકીઆને છાજતી એક્ટીંગથી તે ફોટા સાથે ચેડાં કાઢતો બબડવા લાગ્યો. "શાન્તા, મ્હારી વ્હાલી શાન્તા! તું ક્યારે મારી થશે? હું ત્હારે માટે કેટલી જેહમત ઉઠાવી રહ્યો છું, ત્હારા પર મારો કેવો સચોટ પ્યાર છે, અરે! હું ત્હારા પ્યારમાં કેવો લીન થઇ ગયો છું; પરંતુ વ્હાલી! તું નિર્દય છે, તને ક્યાં મારા પ્યારની પરવા છે! વ્હાલી! જે દિવસે ગાડીના અકસ્માતથી મારે ત્યાં તમે બન્ને મૂર્તિઓએ આવી મને તમારા નયણોના બાણથી ઘાયલ કરી, મારૂં હૃદય ચોરી ગયા છો; ત્યારનો તમારી પાછળ હું દિવાનો બન્યો છું. વ્હાલી! જરા બોલો તો ખરાં! શું...નહિ...બોલશો? શું બ્હીઓ છો?...શા માટે...હા, સમજ્યો!...કિશોર...અને...રમણ કે?...કાંઇ ફીકર નહિ!...તે કાંટારૂપે તમને નડે છે...એજ ને? કાંઇ નહિ થોડા વખતમાં તેનો ફેંસલો પણ મારેજ હાથે થશે!...હવે કોઇનો ડર છે?...નહિ ને!...ત્યારે તો મારી સાથે હસીને બોલો!"

વાંચક, આ તખ્તામાં બે સુંદર યુવતિઓના ફોટાઓ હતા, તેની સાથે આ યુવક જાણે તે ફોટામાંની મૂર્તિઓ ખરેખર તેની સમક્ષ આવી વાતો ચલાવતી હોય તેમ તેને ભાસ થતો હતો; અને તેથીજ તે ગાંડા ઘેલા ચેડાં કરી રહ્યો હતો. હવે તે ફોટાને પોતાની બાથમાંથી કાઢી તેની સામે પછું જોઇ ઉશ્કેરાયલી મુદ્રાએ બોલ્યો "ઓ સુંદરી! મારી સ્હામું ગુસ્સાથી કેમ જોઇ રહયા છો? શું હું તારા લાયક

નથી ?...હા...બરોબર...એમજ...છે !...હું પહેલાંથીજ જાણતો હતો, કે તમે રાજીખુશીથી તો મારી માંગણી સ્વીકારશો નહિ, અને તેથીજ તમારે માટે મેં એક તાગડો રચ્યો છે અને હવે તમો બન્ને સુંદરીને થોડાજ વખતમાં મારી બનાવીશ." એટલામાં ટેબલપર ટેલીફોનનો ઘંટ વાગ્યો. તરતજ તે યુવકે, પેલા ફોટાને પાછો તેની જગ્યાપર મુકી દઇ ટેબલ પાસે આવી ટેલીફોનનું ભુંગળું કાનપર ચઢાવી, સવાલ કીધો. "કોણ ! કાસીમ કે ?" "હાજી."..."બધું બરોબર કીધું કે ?"..."હા, તમારી આપેલી શીશી સુંઘાડી બન્નેને બેભાન કરી છે, આપનો હુકમ મળે એટલીજ વાર !" તે યુવકે ખુશહાલ ચ્હેરે સવાલ કીધો. "કાસીમ ! વિરભદ્રને કહે કે તેમના ડોકાં છટકાવી નાંખે !" "વીરભદ્ર ધ્રુજી મરે છે", કાસીમનો આવો જવાબ મળતાં તે યુવકે પોતાની રીવોલ્વર તપાસી, પોતાનો કોટ ઉતારી દાદરના ચારચાર પગથીયાં કૂદતો નીચે ઉતરી ભોંયરામાં પ્રવેશ કરી જે સ્થળે કાસીમ, મહમદ, અને વીરભદ્ર હતાં ત્યાં આવી પહોંચી વિરભદ્ર સામે રિવોલ્વર તાકી " કેમ બદમાસ ! મારા હુકમનો અનાદર કરે છે ? ચલાવ, ઉઠાવ તારી તરવાર ! એકજ ઘામાં કર બન્નેને સફાચટ મેદાન ! ચાલ વાર લાગે છે."

વિરભદ્રે તરવાર ઉંચકી પરંતુ તે કમકમી પાછો હઠયો, વાંચક ! આ ઓરડાની વચ્ચોવચ્ચ, એક શિલા પડી હતી, જે આઠથી દશ ફીટ લાંબી, અને ચારેક ફીટ પહોળી તથા જમીનથી ત્રણેક ફીટ ઉંચી હતી, તેના પર બે બાળાઓને બેભાન કરી સુવાડી હતી, ફક્ત તેમના માથા સીવાય આખું અંગ ઢાંકેલું હતું. જેથી તેઓને ઓળખી શકાતું નહોતું. વિરભદ્રને પાછો હઠી જતાં જોઇ, "કેમ બાયલા !

તને પેલી દશ સેકંડની વાત યાદ છે કે?"..."હા ! ઓ પ્રભુ ! મને બચાવ!" નીશાસો નાંખતા કહ્યું "હું કબુલ છું !" એમ કહી તરવાર ઉંચકી અને એકજ ઘામાં પેલી બંને નિર્દોષ બાળાઓના માથા છૂટા કરી નાંખ્યાં, જેથી લોહીના ફુવારા ઉડી રહ્યા, "કાસીમ ! શું જુએ છે ? નીકળતું લોહી પેલા વાસણમાં ભરી લે, તે આપણને કામ લાગશે, મહમદ ! આ બન્ને માથાઓ એક પેટીમાં મુકી, આપણી ઓરડીમાં જમે કરી આવ. આ ઓરડી ત્રણેજણ સાફ કરી, કોઇપણ નિશાન વગરની બનાવી ઉપર આવો. જોજે જરા પણ લોહીનાં ડાઘા રહે નહિ ! વિરભદ્ર, તું પણ નાહી ધોઇ, કપડાં બદલી મારી પાસે જલદી આવ, !" વિરભદ્ર કે જે હજુ સુધી પોતાના કરેલાં કાળા કૃત્યથી કાંપતો ભીંતને ટેકો દઇ ઉભો હતો; તે હુકમ મળતાંજ ઓરડામાંથી ચાલી નીકળ્યો.

સુર્યાસ્ત થયાને અર્ધ ઘડી થઇ હતી, એટલે આશરે સાતેક વાગ્યાનો સુમાર થયો હતો. કામધંધેથી ફારેગ થયલાં કામદાર માણસો ઘર ભેગાં થવાની આશાથી ઉતાવળે પગલે ચાલતાં હતાં; કેટલાક વિદ્યાર્થીઓ તેમજ ફરવા નીકળેલા ગૃહસ્થો, તાલ-ટપ્પા હાસ્યવિનોદ ચલાવતા પોતાનો રસ્તો કાપતાં હતા, સુરતી સ્હેલાણીઓ, મોટર, વિકટોરિયા તેમજ સીગરામોમાં બેસી જોશથી ઘોડાને દોડાવી આનંદમાં મ્હાલતા દિસતાં હતાં. પ્રિય વાંચક ! હવે આપણે લાઇન્સના એક સુન્દર બંગલામાં નજર કરીશું. તે બંગલાને ચોમેર ફરતી મજબુત દિવાલ ચણેલી હતી, જેની મોખરે એક મોટો દરવાજો રાખ્યો હતો, દરવાજાથી બંગલા સુધી પચ્ચીસેક ફીટના સમચોરસ આકારમાં એક સુંદર બગીચો

બનાવ્યો હતો, જેમાં ચારે બાજુએ લોખંડી ઝીણી સળીઓની કમાનો મુકી તેનાપર વેલો ચઢાવી હતી, જેના સુવાસથી મગજને શાંન્તિ મળતી હતી, બગીચાની વચ્ચોવચ એક ફુવારો કે જે સંગેમરમરના પત્થરો કોતરી રંગબેરંગી ચિત્રોથી શણગાર્યો હતો, જેથી બગીચાને ઓર શોભાવતો હતો અને તેજ પ્રમાણે આ બંગલો છેલ્લી અપ–ટુ–ડેટ ફેશનમાં બંધાવેલો હતો. વાંચક! હવે આપણે બંગલામાં પ્રવેશ કરીશું! તેના નીચેના ભાગમાં બે ત્રણ ઓરડીઓ બનાવી હતી જે નોકરોને સુવાને માટે હોય, એમ ત્યાં પડેલા બીછાનાઓથી માલમ પડતું હતું, બાકીનો બધો ભાગ ખુલ્લો હોવા છતાં અંધકારમય હતું, કારણ કોઇપણ ઠેકાણેથી ઉજાસ પડતો નહોતો. આગલા ભાગમાં એક સુંદર દાદર ગોળાકારમાં બાંધ્યો હતો, બીજા માળમાં એક સુશોભિત હીંચકો, તથા બે ત્રણ કબાટો ગોઠવ્યા હતા, જેમાં કપડાં ઇત્યાદિ ભરેલાં હતાં તેમજ રાંધવાની ઓરડી અને ન્હાવાની ઓરડી હતી, ત્રીજા માળપર બે મોટા ખંડ પાડેલા હતા જેના પાછલા ખંડના બે રૂમ બનાવ્યાં હતાં. એક રૂમમાં બે મોટી ત્રીજોરીઓ ગોઠવી હતી, તથા બીજા રૂમને એક પીત્તળના મોટા તાળાથી બંધ કરવામાં આવ્યો હતો, જ્યારે આગલો ખંડ આખા દીવાનખાના માટે રોકવામાં આવ્યો હતો. તે દીવાનખાનામાં હાલ પાંચ યુવકો કાંઇ છુપી મસલત ચલાવતા હોય એમ માલમ પડતું હતું. વાંચક! અધિરો ન થા, તેમની છુપી ગુપ્તેગોથી આપણે હવે જાણીતા થઇશું! તે પાંચ યુવકોમાં ત્રણ હીંદુ પહેરવેશમાં હતા અને બે મુસલમીન હોય એવો ભાસ થતો હતો, થોડીકવાર ચુપકીદી ફેલાઇ રહી, પરંતુ એક યુવક

જેણે સર્વેથી ઉત્તમ કપડાં પહેર્યાં હતાં તેણે શાન્તિમાં ખલલ પાડી તેની પાસે બેઠેલા યુવકને કહ્યું " કેમ! તું ઘણોજ ભુખ્યો હોય એમ લાગે છે, કેમ ખરી વાત ને?"

તે શખ્સે "હા" નું ડોકું ધુણાવ્યું તેવોજ બીજો હુકમ સંભળાયો, "સખારામ! જા પેલી મીઠાઇની ટોપલીઓ નીચેથી લઇ આવ, સાથે કબાટમાંથી બે ચેમ્પીયનની બાટલીઓ લેતો આવજે, ચાલ જલદી કર," હુકમ મળતાંજ તે નીચે ગયો, એટલામાં રામો આવ્યો, અને કહેવા લાગ્યો " શેઠજી! તુમાલા મોડે શેઠ આણિ શેઠાણીને ભોજન કરાયલા, મોઠયા બંગલ્યાંત બોલવિલે આહેત, આણિ તુમચ્યા પતિ કમળાબાઇની નવી સાડી તુમ લાવ્યા છે તે માંગેલી છે. આણિ સાંગિતલા છે કે તુહમી જરૂર જમવા આવજો" આટલું બોલતાં રામાને તે યુવકે લાત મારી, "જાવ યુ ગદ્ધા, તું અને ત્હારી શેઠાણી જહાન્નમમાં" રામાને લાત પડતાંજ બિચારો તો જેવો આવ્યો તેવો ચાલી ગયો, એટલામાં સખારામ મીઠાઇઓની ટોપલીઓ અને ચેમ્પીયનની બે બાટલીઓ તેમજ બેચાર ગ્લાસ લાવી ટેબલપર મુકયા. પાંચે જણા સાથે બેસી આવેલી મીઠાઇપર હાથ મારવા લાગ્યા.

વાંચક! આ યુવક કોઇજ નહિ, પરંતુપેલા આપણા જાણીતા કરોડપતી "નવલચંદ્ર—નવલશાહ" કે જેણે કેટલીક વિધવા, વેપારી, તથા બિચારા ગરીબોને રડાવી પોતે તવંગર હાલતે પહોંચ્યો છે (જેને આપણે હવે પછીના બીજા ભાગમાં ઓળખીશું) તેનો પુત્ર સોમેશ્વર છે. જેણે વિરભદ્ર પાસે બે ખુનમાં હાથ બોળાવ્યા તે આપણે ઉપર વાંચી ગયા છીએ. આ કાંઇ લુટારો ન હતો

તથા તે કોઇ ધાડપાડુ કે બ્હારવટીયો નહોતો પરંતુ જે ફોટાને આપણે દીવાનખાનામાં જોયો હતો, તેની અંદર બે દીલકશ સુંદરીનો તે લુંટારો હતો, તે સુંદરીઓ પોતાને હાથ કરવાને તે આવા કાળા કૃત્યો કરી રહયો હતો. વિરભદ્ર, કાસીમ અને મહંમદ તેના નોકર હતા અને તેને મદદગાર રૂપે કામ લાગતા હતા, અને હાલ પણ તેજ વિચારો દીવાનખાનામાં ચલાવી રહ્યા છે. વાંચક! સોમેશ્વર કે જે નામથી હજુ સુધી આપણે અજાણ હતા, તે સોમેશ્વરે બ્રાન્ડીનો ગ્લાસ ખાલી કરતાં કહ્યું "ચાલો! જલદી કરો, ટાઇમ થઇ ગયો છે" એમ કહી પોતાના નવાં કપડાં બદલતો બોલ્યો-"વીરભદ્ર! તું મારી સાથે રહેજે, આપણે વિકટોરિયામાં જઇશું!" કાસીમ! તું મોટરમાં પેલી બન્ને લાશો નાંખી તૈયાર કરી રાખ. અમારી વિકટોરિયા અહીંથી ગયા પછી એક કલાકે આવજે!"

"વિરભદ્ર! પેલા કબાટમાંથી પેલી ચીજો આપ, જોજે સંભાળીને આપજે તે અથડાય નહિ." વીરભદ્રે કબાટ ખોલી તેમાંથી બે બિસ્કુટ કાસીમના હાથમાં આપ્યાં જે એક ચાંદીના ટૂકડાં મિશલ ચળકતાં હતાં. "કાસીમ! જોજે મારી કરેલી ગોઠવણ મુજબ બરોબર કરજે, જરાપણ ભુલ કરીશ તો તમારૂં અને સાથે મારૂં પણ માથું ડુલ થઇ જશે...હં!...સાંભળ? ત્યાં આગળ તારી મોટરનો અવાજ બીલકુલ થવા પામે નહિ" સોમેશ્વર પોતાનાં ચળકતાં બુટની દોરી બાંધતાં ધીમેથા બોલ્યો. કાસીમ "બહુ સારૂં" કહી નીચે ચાલ્યો ગયો. પોતાનાં કાળાં કૃત્યોની ગોઠવણ સંપૂર્ણ થએલી જોતાં વિરભદ્રના ખભા ઉપર હાથ મેલી "ચાલ! દીકરા બધું બરોબર થઇ રહ્યું છે. હવે આપણે જઇએ" એમ કહી બન્ને નીચે ઉતરી બગીચામાં આવ્યા, એટલામાં એક

નાજુક પગલાંનો અવાજ સંભળાયો, તે સાંભળી તેઓ થોભ્યાં; તે પગલાંનો અવાજ એક સ્ત્રીનો હતો. અને એક પળમાં તેમની સમક્ષ આવી ઉભી તે સ્ત્રી સુન્દર અલૌકિક વસ્ત્રોથી ભરપુર હતી, જેણીની વય અઢાર-ઓગણીસ વર્ષની હતી. તેણી પાસે આવતાંજ સોમેશ્વરે સવાલ કીધો "કોણ! ચંદ્રમણી કે? હં! સાંભળ! તું સુસ્ત નહીં, હમણાંજ કાસીમ મોટરમાં પેલા બન્ને બુલબુલને લઇ આવશે. તેઓને... બસ...કાંઇ કહેવાની જરૂર જોતો નથી...તું જાણે છે ને?" 'હા.' તે સ્ત્રીએ કહ્યું; સોમેશ્વરે વિકટોરીયામાં બેસતાં તે સ્ત્રીને પાછું કહ્યું. "હમો બન્ને રાતના આવીશું નહિ, સ્હવારેજ આવીશું...તપાસ રાખજે" છેવટે કોચમીનને હુકમ અપાયો. "સખારામ ચાલ; ત્હારા ઘોડાને એકદમ છોડી મૂક!" થોડીજ પળમાં તે વિકટોરિયા ત્યાંથી ગુમ થઇ.

પ્રકરણ ૨ જું.

ટીપાર્ટી—બદમાસોની ચપળતા.

તે વિકટોરિયા એક હવેલી પાસે આવી અટકી, અને સોમેશ્વર તથા વિરભદ્ર ઉતર્યાં. સોમેશ્વર ઉતરતાંજ ધીરે સ્વરે બોલ્યો. "અરર...મારી રીવોલ્વર...ભૂલી ગયો" "નહિ, હું લાવ્યો છુ." વીરભદ્રે પોતાના ઓવરકોટના મોટા ખીસામાંથી રીવોલ્વર કાઢીને બતાવી; તે જોતાંજ સોમેશ્વરે કહ્યું, "વીરભદ્ર! લાવ, એક મને આપ, વખત આવે કામ લાગશે એમ કહી વીરભદ્ર પાસેથી એક રીવોલ્વર લઇ પોતાની પાસે રાખે છે. બંને જણા હવેલીના કમ્પા-

ઉન્ડમાં અંદર થઇ બગિચામાં દાખલ થયા. જે બગીચાને આજે શુશોભિત શણુગાર્યો હતો, તેમજ હવેલી રંગબેરંગી લાઇટથી જાણે ચંદ્રમાના તેજ જેવી પ્રકાશ આપતી હતી. બગીચો છોડી તેઓ હવેલીમાં આવી પાર્ટીવાળા રૂમમાં દાખલ થયાં, જ્યાં તેમને માણેક-લાલે માન આપી બેઠક આપતાં કહ્યું, "આપ મહેરબાનના પધાર-વાથી સેવકને મોટું માન મળ્યું છે."..."અરે એ શું બોલ્યા ! હમે તો તમારા તાબેદાર છીએ." સોમેશ્વર તથા વીરભદ્ર પોતાની બેઠક-પર બેસતાં કહ્યું. થોડીવાર એલાર પેલારની વાતો ચલાવી. એટલામાં એક મોટરકારનો ભોં-ભોં અવાજ સંભળાયો, માણેકલાલ ઉઠી નીચે ગયો થોડીવારમાં જડજ, પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ, તથા તેમના માનીતા બે કોન્સટેબલ સાથે દાખલ થયાં, અને તેઓએ સોમેશ્વરની સામેજ બેઠક લીધી. પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ ખુરશીપર બેસતાં સોમેશ્વરને જોઇ કંઇક આશ્ચર્યથી કહ્યું. "અહો; મીં૰ સોમે-શ્વર ! તુમ બી ઇધર આયે હેં !" સોમેશ્વર તેને જોતાંજ ચોંકયો, પરંતુ ધાસ્તી ન બતાવતાં, ખુશહાલ ચહેરે, સેંકન્ડ મેળવતાં હાકારમાં ગરદન નમાવી. આ વખતે પારટીવાળો હોલ પ્રહસ્યો, તેમજ સ્રીઓથી ભરાઇ ગયો હતો, અને ટેબલપર ઇંગ્લીશ ઢબ મુજબ આવેલા ખાણાને ઇન્સાફ આપી રહ્યાં હતાં, ત્યારે એક બાજુએ કુમુદ, શાન્તા, કીશોર, રમણુ અને જયેન્દ્ર એ પાંચે મૂર્તિઓ સહુથી અલગ એક ટેબલપર બેશી મોજથી ખાણું ઉડાવતા હસાહસ કરી રહ્યાં હતાં. તે અરસામાં સોમેશ્વરની નજર આનંદસાગરમાં ઝોલાં ખાતી પાંચે મૂર્તિઓને જોઇ બળી મરતો બારીમાં ડોકીયાં કાઢી કાંઇક બબડયો. ત્યાર પછી વિરભદ્રની સામુ ડોળા ફાડીને બોલ્યો, "એ રાસ્કલને શું

થયું! કેમ હજી આવી મરતો નથી," સોમેશ્વરને ડોળા કાઢતો જોઇ વીરભદ્ર કંઇક બીધો તેને ધ્રુજતો જોઇ હાથ પછાડી દાંત કકડાવી બોલ્યો "એઇ હુક્કરના કાકા ! તું શાનો ધ્રુજી મરે છે" વીરભદ્ર કંઇક બ્હીતા નજદિકમાં એક પ્યાનો કે જે શાન્તા વગાડતી હતી ત્યારે કુમુદ એક સુન્દર સરોદનું ગાયન ગાતી હતી, ત્યાં આગળ પોલીસ સુપ્રીન્ટેન્ડેન્ટ, જડજ, તથા કોન્સ્ટેબલો બેઠા હતાં તેઓને આંખના ઇસારાથી બતાવી કહ્યું 'હું તેઓને જોઇને ડરૂં છું" 'અરે ગધેડા! બેવકુફ! બ્હી શાનો મરે છે! તેઓ આપણુને શું કરશે!' એટલું બોલી બારીપર ડોકું કાઢી જોયું તો સામેથી મોટર આવતી જોઇ, થોડીક પળમાં તે મોટર આવી થોભી તેમાંથી બે યુવકો બ્હાર નીકળી ઉપર નજર કરી તે વખતે એક મોટો લાલ રેશમી રૂમાલ હવામાં ઉડતો જોઇ બે યુવકોમાંથી એકે મોટરમાંથી એક મોટું પોટલું લઇ બગીચાની અંદર ઘુસ્યો એટલામાં મોટર આગળ એક બીજો યુવક આવી પેલા ઉભેલા યુવકને કંઇક ઇસારત કરે છે. અને ત્યાંથી મોટર થોડે દૂર એક અંધારા ખુણામાં રાનસ હોલવી ઉભી રાખે છે અને તેમાંથી કંઇક ચીજ લઇ તેઓ ઉતાવળે પગલે હવેલીમાં દાખલ થઇ ટીપાર્ટી-વાળા રૂમની પાસેના ખંડમાં તે ત્રણે મુર્તિઓ આવી ઉભી રહે છે.

વાંચક! તમે જાણી તો ગયા હશો! કે, આ મુર્તિઓ કોણ છે? નહિ જાણતા હો તો હું જણાવું છું કે એ કોઇજ નહિ પણ કાસીમ, મહમદ અને સખારામ જે સોમેશ્વરની ગોઠવણ મુજબ વીરભદ્રના આપેલા બે બિસ્કૂટ લઇ તેઓ ઉભા રહ્યાં છે. થોડી પળ ઉભા રહી પેલા બે બીસ્કૂટ અવરનવર પાર્ટીવાળા રૂમમાં ફેંક્યાં તે નાંખતાની સાથેજ એક ભયંકર ધડાકો થયો, અને તેની સાથેજ તેઓ ત્રણે

જણાઓએ અંદર ધસારો કરી કુમુદ અને શાન્તાને ઉપાડી બગીચામાં લઇ જાય છે ત્યાં મહમદ અને સખારામ આવી તે સુંદરીઓ કે જે હજુ સુધી આ ભયાનક બનાવથી બેશુદ્ધ થઇ હતી તેઓના વસ્ત્રો ઉતારી જે પોટલું લઇ કાસીમ બગિચામાં ગયો હતો તે પોટલામાં ભોંયરામાં રહેંસાયલી લાશો હતી, તેને પહેરાવે છે ત્યારબાદ તેઓ બહાર આવી મોટરમાં કુમુદ તથા શાંન્તાને નાખી તેઓ બેસે છે. એટલામાં એક જવાન દોડતો મોટર તરફ આવી "અરે બદમાસો, ક્યાં નાહસી જાઓ છો?" આટલું બોલી મોટરમાં ચઢતો હતો, પરંતુ તે મહમદની રીવોલ્વરથી ઠાર થાય છે. તેને સખારામ બગીચામાં નાખી પોતાની વિકટોરીયા આગળ પસાર થઇ જાય છે મહમદ અને કાસીમ મોટર લઇ ન્હાસી છૂટે છે.

પ્રકરણ ૩ જું.

હેં! કુમુદ અને શાન્તાનું ખુન!

વાંચક! ઉપલો બનાવ બન્યા પછી, થોડીવારમાં લેંપો સળગાવી આજુબાજુ તપાસ કરતાં એ ત્રણ જણને નજીવું નુકશાન થયું હતું, હાંડી ઝુમ્મર ઇત્યાદિનો કચરઘાણ નીકળી ગયો હતો. વધુ તપાસ ચલાવતાં, કુમુદ શાંન્તા અને જયેન્દ્રને જોવામાં ન આવતાં વધારે ગભરાટ ફેલાયો છે બદમાસોએ જે બાજુથી અવાજ કીધો હતો તે બાજુએ તપાસ કરવાને બધા જાય છે. જેઓ તે રૂમમાં આવે છે, એટલામાં કોન્સ્ટેબલના પગને કોઇ ચીજ અથડાય છે, તેને વાંકા વળી તે ચીજને હાથમાં લઇ જોયું તો પગનું ઝાંઝર માલમ પડયું, તે

જોતાંજ સાહેબ બહાદુરે, માણેકલાલ તથા તેમની સ્ત્રીને બતાવી કહ્યું "આ દાગીનો કોનો છે?"

તે દાગીનો જોતાંજ માણેકલાલની સ્ત્રીએ આશ્ચર્ય પામતાં કહ્યું "એતો મારી કુમુદનું છે! અહીં ક્યાંથી?" તેના જવાબની દરકાર ન રાખતાં સાહેબ બહાદુરે વધુ તપાસ કરતાં ત્યાં આગળ લોહીના છાંટા, તેમજ ફાટેલા વસ્ત્રોના ટુકડાં જોતાં "બદમાસો કંઇક વધારે રમખાણ કરી ગયા હોય એમ લાગે છે" મનમાં બબડયા અને તેઓએ પોતાની સાથે આવેલા કોન્સ્ટેબલને પોતાનાં ખાતાના વધુ માણસોને તેડી લાવવા ફરમાવી તેઓ નીચે ઉતર્યા. લોહીના પડેલા ધાબાઓ જોતાં જોતાં તેઓ બગિચામાં આવે છે તો ત્યાં આગળ એક લાશ પડેલી જણાય, તે જોતાં જયેન્દ્રની લાશ ઓળખાઇ આવી, અહીં સાહેબ બહાદુર થોભ્યા એટલામાં તેઓના માણસો આવી પહોંચતાં તે માણસોને હવેલીને ફરતી તપાસે રાખવાનું કહી તેઓએ આગળ તપાસવું ચાલુ રાખ્યું. આ વખતે સાહેબ બહાદુરની સાથે જડજ સાહેબ, બે કોન્સ્ટેબલો, તથા સોમેશ્વર, વિરભદ્ર, તેમજ રમણ અને કીશોર, સિવાય પાર્ટીમાં આવેલા ગ્રહસ્થો, જયેન્દ્રની લાશ આગળ ચિંતાગ્રસ્ત ચ્હેરે ઉભા હતા, આ બાજુ સાહેબ બહાદુરને બે વધુ લાશ મળે છે, તે લાશો માથા વગરની બે બાળાઓની હતી, તેઓને ઉચકાવી જ્યાં આગળ જયેન્દ્રની લાશ પડી છે. ત્યાં આગળ મુકી, અને તેઓના ઉપર લાઇટનો વધુ ઉજાસ પાડતા સોમેશ્વરે એકદમ બુમ પાડી કહ્યું "આતો કુમુદ અને શાન્તાની લાશો માલમ પડે છે." માણેકલાલ તથા તેમની પત્નિ પદ્માવતી આ અવાજ સાંભળી તેઓ ચોંકયા, અને એકાએક બુમ પાડી ઉઠયા "હેં! કુમુદ અને શાન્તાનું ખુન!"

આટલું બોલતાં તેઓ બન્ને જણા મુર્છાથી પોતાની શુદ્ધ બોધ જમીન ઉપર ઢળી પડયાં, તેઓ કીશોર-રમણ, અને સાહેબ બહાદુરની મદદથી શુદ્ધિમાં આવ્યાં. સાહેબે તેઓને શાંત કરી, મકાનમાં જવા કહ્યું રમણ અને કિશોર, તેઓ બંન્નેને મકાનમાં લઇ જાય છે. માણેકલાલે જતાં જતાં સોમેશ્વરને કહ્યું "ભાઇ સોમેશ્વર! તમો સાહેબ બહાદુરની સાથે રહી જે કાંઇ હકીકત મળે તે મને કહી જજો." ..."વારૂ !"

થોડા વખતમાં સરજયન ડાકટર આવે છે. સાહેબ બહાદુર તેમણે સર્વ હકીકતથી જાહેર કરે છે. એકવાર ફરીથી તપાસ કરવામાં આવે છે, જયાર પછી નોકરોની જુબાની લેવાય છે, પરંતુ નોકરો પાસેથી કંઈ નવી હકીકત મળતી નથી. "બદમાસો બડી સીફત ચલાવી ગયા છે તેઓને આંમ કરવાનું કારણ શું ?" ગંભીરાઇથી ડાકટરને સવાલ કીધો.

"હા ! ખૂનીઓએ ચાલાકી વાપરી છે. તેઓ કોઇપણ જાતની નીશાનીઓ મેલી ગયા નથી, અને તેથીજ તેઓને પકડવાનું મુસ્કેલ થઇ પડશે." ડોકટરે ધડીઆળ જોતાં કહ્યું.

"કેટલો ટાઇમ થયો છે ?"...........'છ વાગી ગયા છે,' "ઓહો ! સવાર પડવા આવી છે. ડોકટર સાહેબ ! આ લાશોનું હવે શું કરવુ ? મને કાંઇ સુઝ પડતી નથી!' સાહેબ બહાદુરે આંખો ચોળતાં કહ્યું " પંચાતનામું કરી દફનાવવાનો હુકમ આપવો."

સાહેબ બહાદુરે પોતાના માણસોને તેમજ પાર્ટીમાં આવેલા ગ્રહસ્થો, તથા કેટલીક સ્ત્રીઓ જેઓ આખી રાતના ઉજાગરાથી ઝુરતાં બગાસાં ખાતાં હતાં તેઓને પેલી ત્રણે લાશો પાસે બોલાવી સર્વેની સમક્ષ સોમેશ્વરને સાહેબ બહાદુરે સવાલ કીધો " તમે

ખાત્રીથી કહોછો કે, આ લાશો કુમુદ, શાન્તા, અને જયેન્દ્રની છે ? "હા !" પાપી સારી રીતે જાણતો હતો છતાં તેઓના ભોળા માબાપોને તેમજ સર્વેની આંખમાં ધુળ નાંખવા તૈયાર થયો. ત્યાર બાદ માણેકલાલ તથા પદ્માવતીને તપાસ કરવાને બોલાવી મંગાવ્યા. જેઓએ આવી લાશો તપાસી, પરંતુ પાપીઓની કારીગીરો અજાયબ હતી તેઓ કાંઇ બોલી શકયા નહિ, અને પોક મૂકી રડવા માંડયું. આ વખતે રમણે સાહેબ બહાદુરની રજાથી લાશ તપાસી. તેણે કીશોર સામે કાંઇક અણસારો કીધો પરંતુ મુખમાંથી કાંઇ બોલ્યો નહિ. સાહેબ બહાદુરે કંટાળીને એક ખરડો માણેકલાલના હાથમાં આપી લાશોની ક્રિયા કરવાનો હુકમ આપી, "હું કાલે આવીશ, મારા માણુસો આજે અહીં બેશસે." એમ કહી પાર્ટીમાં આવેલાં ગ્રહસ્થોને જવાનો હુકમ આપી તેઓ ડોકટરની વિકટોરીયામાં બેસી ચાલ્યા ગયા. તેમજ પાર્ટીમાં આવેલા ગ્રહસ્થો માણેકલાલ ઉપર આવી પડેલી અચાનક આફતોથી તેઓને દિલાસો આપી, તેઓ દિલગીર થતાં પોતપોતાને ઘરે ચાલી ગયાં. જે હવેલી રાત્રિના હસાહસ અને ગાનતાનથી ગાજી રહી હતી, તે હવેલી આજે સ્મશાન ભૂમિના આકારમાં ફેરવાઇ ગઇ હતી. પૂર્વ દિશા તરફ લાલઅપોરીયાની પેડે સૂર્યનારાયણે દેખાવ દીધો. જે આ બનાવ જોઇ જાણે તે દિલગીરી બતાવતો હોય તે પ્રમાણે પોતાના કિરણોનો ઝાંખો પ્રકાશ આપતો હતો. સ્હવાર પડી ગઇ હતી. થોડાજ વખતમાં તેઓનાં સગાંવ્હાલાંઓ રડતાં કકળતાં આવ્યાં અને તે ત્રણે લાશોને જબરી રડારોળ વચ્ચેથી લઇ જવામાં આવે છે. તે વખતે બઇરાંઓનાં છાતી કૂટવાના અવાજોથી ધરતી ધ્રુજી રહી હતી.

વાંચક! ઉપલો બનાવ બન્યા પછી તું પણ દલગીર થયો હશે, પરંતુ ધીરજ ધર! એકદમ અધિરો ન થા! આપણે એનો ભેદભરમ પાછળથી જાણીશું. હાલ આપણે માણેકલાલની ઓળખાણ કરીશું, જેઓ એક મદરાસનિવાસી ગ્રહસ્થ હતાં. તેઓ પોતાના કુટુંબમાં પોતાની સ્ત્રી પદ્માવતી તથા બે બાળકીઓ (જેઓના ખૂન થયા, તે હકીકત આપણે ઉપર વાંચી ગયા છીએ.) તેઓને લઈ આ શહેરમાં વેપાર અર્થે આવ્યાં હતા. તેઓ પોતાના ધંધામાં પ્રમાણિકપણાથી પૈસો મેળવી આજે એક તવંગર હાલતે પહોંચ્યા હતાં, અને તેઓ આનંદથી દિવસ ગાળતા હતા. તેઓની ધાર્મિક તથા કેળવણી ખાતામાં આપેલી મોટી બક્ષિસોથી તેઓનું નામ સરકાર દરબારમાં પંકાયલું હતું. અને તેમને મોટો ખેતાબ મળ્યો હતો. જેના માનમાં તેમજ પોતાની પુત્રી કુમુદ તથા શાન્તા માટે લાયક પતિ પસંદ કરવા જયેન્દ્ર જે એક તવંગર ગ્રહસ્થનો દિકરો હતો. તેની સાથે કુમુદનો વિવાહ કરવામાં આવનાર હતો. પરંતુ કમભાગ્યે તેનો ફેજ થઇ ગયો હતો. તથા શાન્તા સાથે કિશોરના વિવાહ થવાનાં હતાં. તેની ખુશાલીમાં પાર્ટી બોલાવવામાં આવી હતી.

પ્રકરણ ૪ થું.

પાપીનો પત્તો.

વાંચક! ઉપલા બનાવને આજે એક મહીનો થઇ ગયો, તે અરસામાં માણેકલાલ પોતાની વ્હાલી દિકરીઓનો આવો ફેજ થયલો જોઇ પોતાની શુદ્ધ ખોઇ બેઠા હતા, અને તેના અફસોસમાં પોતાનો

આશે જાણ, આ ફાની દુનિયાને છોડી ફિરસ્તાની દરબારમાં સિધાવ્યો.
આ વખતે તેમનાં વિધવા પત્ની પદ્માવતીની હાલત બહુજ ખરાબ થઇ હતી. કિશોર અને રમણ તેને પોતાનાં મકાનમાં લઇ ગયા અને તેણીની ઉપર આવી પડેલા સંકટોમાં તનમનથી ભાગ લેતાં હતાં, સોમેશ્વર હજુ સુધી મળવા આવતો હતો, પણ માણેકલાલના મર્યું પછી પદ્માવતીને દીલગીરી બતાવી પોતાનાં ધંધાને માટે મુંબઇ આવ્યો ગયો. પોલીસો તેમજ છૂપી પોલીસે એક મહીના સુધીની જીવતોડ મહેનત કર્યા છતાં તેઓએ કાંઇ અજવાળું પાડયું નહોતું. પાપીઓ પોતાના કાળાં કૃત્યોમાંથી છટકી ગયેલા જોઇ સર્વે કોઇ અજાયબ થતાં હતાં.

વહાલા વાંચક! આજ સોમવારનો બેસતો મહીનો હોવાથી, રમણ, કીશોર અને પદ્માવતી સ્હવારનાં વ્હેલાં ઉઠી ન્હાઇ, ધોઇ સેવા પૂજા કરી, દિવાનખાનામાં ચાહ પીવા બેઠાં હતાં. જે વખતે રમણને કાંઇ યાદ આવ્યું હોય તેમ ચાહનું કપ પડતું મૂકી કબાટ તરફ ગયો અને કબાટ ખોલી એક ગોળ વાળેલો કાગળ કાઢયો, અને તે કાગળ ટેબલ પાસે આવી વાંચવા લાગ્યો. સાહેબ બહાદુરે બગીચામા જતી વખતે માણેકલાલને કાગળ આપ્યો હતો તેજ કાગળ આ હતો જેમાં નીચે પ્રમાણે હકીકત હતી;—

એક ચોક્કસ જાતના દારૂના ધડાકાથી અંધારૂં ફેલાઇ ગયું તેનો લાભ લઇ બદમાસો અંદર આવી કુમુદ તથા શાન્તાને ઉંચકી પાસેના ઓરડામાં લઇ ગયાં હશે, જ્યાં કુમુદ તથા શાન્તાની સાથે ઘણી બાઝાબાઝી થઇ હોય એમ ત્યાં ટૂટી પડેલા દાગીના તથા લોહીનાં

[illegible] હાથમાંથી [illegible] પુછીઓને [illegible] કરવાનું કારણ કશું જણાતું નથી. [illegible]

[illegible] આગળ [illegible] [illegible] [illegible] આવ્યા [illegible] [illegible] [illegible] ક્યારે [illegible] રમણ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] રમણ [illegible] [illegible] સંભાળ [illegible] રમણ ! તમે [illegible] [illegible] તે વખતે મને તમે આંખમાં અણસારો કીધો હતો, પરંતુ [illegible] સમજ પડી નહોતી. [illegible]

"અરે ! હા, એ વાત તો હું ભુલી જ ગયો. સારૂં થયું કે તે વાત મને યાદ દેવડાવી. જો ! ભલા, સાંભળ ! પણ જરા ધ્યાન રાખજે કે આ વાત હાલમાં કોઈને પણ જાહેર કરીશ નહિ ! જે વખતે મેં લાશ તપાસી, તે વખતે તે બન્નેના શરીર ઉપર મેલ બાઝેલો હતો, તથા તે લાશોની ચામડી ફુલી ગઈ હતી, અને તેથી જ મેં તને આંખનો અણસારો કીધો હતો !"

"શું ! તે લાશ ફુલી ગયલી હતી ?" કાંઈક આશ્ચર્યથી તે બોલ્યો. 'હા !' આટલું કહી તેણે વાત આગળ ચલાવી. "તે લાશ ફુલી ગયેલી હોવાથી મને વધુ શક પડ્યો કારણ કે તરતની મરેલી લાશ ફુલી જતી નથી, તેમજ તેઓનું શરીર મેલથી કાળી ચામડીનો ભાસ કરાવતું હતું; તેથી હું ધારૂં છું કે તે લાશો કોઈ બીજી [illegible]ની હશે. તે લાશો [illegible] કુમુદ તથા શાંતાને ઉપાડી ગયાં [illegible] એમ મારૂં ધારવું છે અને મને આશા છે કે તે [illegible] [illegible] પડશે !" [illegible]

"શું! ત્યારે કૌમુદ અને શાન્તા જીવતી છે?"

"હા, હું એમ ધારૂં છું" "તેઓ આપણને જીવતી મળશે?"

"હા, તેઓ તો પ્રત્યક્ષ મળશે, પરંતુ તેમ કરતાં આપણો જીવ જોખમમાં નાંખવો પડશે," રમણ ગંભીરતાથી બોલ્યો.

"મિત્ર! મુજ ગરીબને બચાવ! મારી શાન્તાને માટે મારો જાન આપવાને તૈયાર છું!" એમ કરી કીશોરે રમણના પગ પકડી ઘુંટણે પડી કાલાવાલા કરતો આંખોમાં આંસુ ટપકાવતો ફરી બોલ્યો, "ભાઇ રમણ! તેં મારી ઉપર આ-ટલાં બધાં ઉપકારો કર્યા છે તેના આભાર તળે હું કચડાઇ મુઓ છું, તેમાં આ એક ઉમેરો કરી મારી જીંદગીને બચાવ! હું મરતાં સુધી તને ભૂલીશ નહિ!" ઘુંટણીએ પડેલા કીશોરને ઉઠાડતાં રમણે કહ્યું, 'બંધુ! ઉઠ, જરા ધીરજ ધર! શાંત થા! આમ આકળો આકળો સ્વભાવ છોડી દે' હું તને તારી શાન્તાને ટુંક વખતમાં મેળવી આપીશ, અને ઇશ્વર ચાહે તો કાલેજ તેઓનો પત્તો જરૂર મેળવીશ! એટલામાં ભટ મહારાજે જમવાને માટે બુમ પાડી અને જમવાને ઉઠયા, પદ્માવતી તથા રમણ-કીશોર વાળુ કર્યા બાદ તેઓ એ દીવાનખાનામાં આવી ગપ્પા સપ્પા મારી પદ્માવતી સાથે વાતો ચલાવી રહયા.

વાંચક! રમણ અને કીશોર કોણ હતાં તે હજી આપણે જાણતાં નથી, માટે તેમની ઓળખાણ અત્રે કરવાની જરૂર છે. કિશોર એક વણીક પુત્ર હતો, તેનો પિતા એક ધનાઢ્ય વેપારી હતો જેના આશ્રય હેઠળ માણેકલાલ તરંગર હાલતે પહોંચ્યો હતો. નસીબદેવી તેઓના ઉપર રૂઠી હતી, વેપારમાં એકાએક ખોટ જવાથી, ઘરબાર-માલમિ-

ફકત વેચાઇ આખર તેઓ પડતી દશામાં કિશોરને એકલો મૂકી સ્વર્ગધામ પહોંચી ગયાં; કીશોરની અવસ્થા ખરેખરી દયા ઉપજાવનારી થઇ પડી હતી. કુઓળુ, ગરીબાઇથી રંઝળતો રેખડતો મહેનત મજુરીથી પોતાનું પેટ ભરતો હતો. પરંતુ તેની નશીબદેવી તેજ થઇ તેનો મિત્ર રમણુને ખબર પડવાથી તે આવી પહોંચે છે. અને તેને ગરીબાઇમાંથી બચાવી લે છે, રમણુના પિતાએ એક દેશી રાજ્યમાં ઘણી સારી નોકરી બજાવી હતી અને તેના પેટામાં તે રાજાએ મોટી આવકવાળી જાગીર આપી હતી. તેના પિતાના મરણુ બાદ વારસમાં રમણુ એકલોજ હતો. જે હજુ સુધી કુંવારો હતો, કેટલેક ઠેકાણેથી ઉંચા કુળની કુમારિકાઓની માંગણી રમણુને થઇ હતી પરંતુ તેણે ના કહી હતી. રમણુ અને કિશોર બન્ને નાનપણથીજ સાથે રહયાં હતાં, અને સાથે શીખ્યાં હતાં અને તેથીજ રમણુ અત્યારે કિશોરની વ્હારે આવી પહોંચી તેના કાર્યોમાં તન દઇ મદદ કરતો હતો. બન્નેની વય વીસેક વરસની ભરતીમાં હતી. તેઓ મગજના શાંત તેમજ ખુશ મીજાજી,—દીર્ઘદ્દષ્ટિવાળા હતાં. રમણુનું સુંદર મકાન માણેકલાલની હવેલીથી પચાસેક કદમ દૂર હતું રમણુની મદદથી કિશોરને પોતાની અસલ સ્થિતીએ આવેલો જોઇ માણેકલાલ તેઓને વાર તહેવારે અવારનવાર બોલાવતો. તેમજ તેની સાથે શાન્તાના વિવાહનું સાટું સુદ્ધાં કરવામાં આવ્યું હતું.

તે દિવસ આખો પસાર કર્યો બીજે દિવસે સ્હવારમાં રમણુ વ્હેલો ઉઠી કીશોરના સુવાના રૂમમાં ગયો જ્યાં કિશોર સ્વપ્નામાં શાન્તા માટે વિલાપ કરતો જોઇ ખુશ થાય છે, અને કિશોરને ઉઠાડે છે. કિશોરના સ્વપ્નામાં ભંગ પડેલો જોઇ દુઃખી થાય છે. પરંતુ બીજીજ પળે

રમણ તેની મીઠી મશ્કરીઓ કરી તેને આનંદ આપી શાન્ત કરે છે અને કાંઇ ખાનગી વાત કરી રૂમમાંથી ચાલ્યો જાય છે. થોડાજ વખતમાં તે બન્ને યુવકો એક ગામડીઆના રૂપમાં ફેરવાય જાય છે. અને ચાહ પી ઉતાવળે પગલે મકાનમાંથી બહાર નીકળે છે.

રમણ અને કીશોર, થોડાજ વખતમાં વિકટોરિયા ગાર્ડન આવી કોઇની રાહ જોતાં હતાં, જેઓ હાલ ગામડીઆના રૂપમાં હતાં. પા એક કલાક થોભ્યાં હશે એટલામાં એક ટપાલી, અને તેની સાથે એક ગ્રહસ્થના ડોળમાં એક યુવકને જોઇ તેઓ છુપાઇ ગયા; ટપાલી અને તે યુવકને ત્યાંથી પસાર થવા દઇ તેઓ તેમની પાછળ પાછળ ચાલતાં હતાં. તે યુવકે ટપાલી પાસેથી પોતાનો કાગળો લઇ ઝડપી ક્રમે ચાલતો એક બજારની એક ખાંજરા હોટલપર ચાંદી ચાહનો ઓર્ડર આપી એક ફ્લાટ પર બેઠો અને ટપાલ ખોલી તેમાંથી કાગળ વાંચવા લાગ્યો. એટલામાં પેલા બે ગામડીઆના રૂપમાં રમણ અને કિશોર આવી પહોંચ્યા અને ગામડીઆ ઢબે ચાહનો ઓર્ડર કરી પેલા યુવકની સામેના ફ્લાટપર બેઠા.

વાંચક આ યુવક બીજો કોઇજ નહિ પણ વિરભદ્ર હતો. તેણે કાફી પીધા બાદ, ફ્લાટપર મૂકેલા કાગળો પોતાનાં ખીસામાં મૂકી ચાલતો થયો. પરંતુ તેના કમભાગ્યે ફ્લાટની નીચે એક કાગળ પડી ગયો હતો. તેની તેને ભ્રાંતિ નહોતી. પાપીઓ પોતાનું પાપ છુપાવવા હજારો પ્રયત્ન કરે છે. પરંતુ થોડાજ વખતમાં આપો આપ પ્રકાશી નીકળે છે. અને થયું પણ તેમજ ચાહ પીતાં પીતાં કીશોરનું ધ્યાન તે કાગળપર પડયું અને ચુપકીથી તે કાગળ ઉચકી રમણના હાથમાં આપ્યું રમણ કાગળ ઉકેલી જુએ છે તો સોમેશ્વરનો લખેલો

આલમ પડે છે. હવે તેઓ ઉતાવળથી ચાહ પીને ઘર તરફનો રસ્તો લીધો, રસ્તામાં ચાલતા ચાલતા કિશોરે સવાલ કીધો, "ભાઈ રમણ! આ કાગળમાં શું હકિકત લખે છે? તે વાંચો તો ખરા!"

"હા! હું વાંચું છું, તું સાંભળ!" એમ કહી રમણે કાગળ વાંચવા માંડયો. જેની હકીકત નીચે પ્રમાણે હતી.

મુંબઈ તા. ૭-૫-૧૫......

વિરભદ્ર ભાઈ,

હું મુંબઈ આવ્યો પછી થોડા જ વખતમાં પેલા વેપારીને શોધી કાઢ્યો છે અને તેની પાસે હાલમાં ઝવેર-ઝવેરાત ઈત્યાદિ મળી રૂપિયા પચાસ [illegible] હજારનો માલ છે. જેને લઈ આવતા સોમ-વારે [illegible] ના આવી પહોંચીશ. બધી તૈયારી ચોક્કસ રાખજે, બાકી વિરભદ્ર ભાઈને વધારે કહેવું પડે તેમ નથી, બાકી વ્હાલા મુંબઈ [illegible] ની ખરદાસ બરોબર કરજે, જેઓની ખબર કોઈને પડે નહિ તેમ રાખજે, વળી ચંદ્રમુખી [illegible] અને સમાચાર મળ્યા તેઓને હિંમત આપી [illegible] એજ.

લી.

સોમેશ્વર.

વાંચક! આપણે હવે વીરભદ્ર તરફ ધ્યાન દોરવીશું. જે હોટલમાંથી નીકળ્યા બાદ, ઘેર આવી કાગળો તપાસતા સોમેશ્વરનું કાગળ એના કવરમાં ન હોવાથી બધા કાગળો પૂરી કરીને તપાસી જુએ છે. કાગળ ન મળવાથી એકદમ ગાભરો બની દોડતો, હોટલમાં જઈ તપાસ કરે છે. ત્યાં પણ ન મળતાં હોટલવાળાને કેટલાક સવાલ પૂછે છે, તેના જવાબમાં હોટલવાળાએ જણાવ્યું કે, "તમે અને પેલા બે છોકરાઓ સિવાય અહીંયા કોઈ બીજું આવ્યુંજ નથી." કેટલાક

નિરાશાથી ફરી હોટલવાળાને પુછયું ! ત્યારે પેલા ગામડીઆ
કણબી આજુબાજુએ ગયા છે' એમ સાંભળતાં હોટલવાળાએ જણાવ્યું કે, "અમે
કાંઈ જોયા નથી પણ કેટલાક ગયા હોય એમ
અમારાથી કહી શકાય; હોટલવાળાના જવાબથી નિરાશ થઈને, તે
કુદરતી અને બીજાની જેમ તે રસ્તા પર ચાલ્યો; થોડીવાર પછી તો
ગામડીઆ નજદીક આવી પહોંચ્યા છે: આ વખતે રમણ કાગળ
વાંચી રહ્યો; અને કિશોરની મશ્કરી કરતાં કહ્યું કે કેમ આજ
કીશોર ! હવે તો તને ખબર પડી હશે. થોડા વખતમાં અમારી
શક્તિ જાણી તમને મળશે !
આ બન્ને વિચારમાં તેઓની સ્થિતિ વાત સાંભળી
ચોકીદાર અને ગામડીઓ ચાલ્યો; 'આતો રૈયતનો
ડરામણ ! પોતાની જાત એટલી જોતાં પોતાના
પગલાં ભર્યાં, અને આગળ ચાલ્યો તરફ મુકી ગામડીઓ ચાલ્યો,
આગળ જવાથી તમે જાણ્યું તો સહાયક છો; પણ આજથી તમે
નિર્ભય થઈ સામે પડશો છતાં અંત આવે એજ ઇચ્છું છું.'

પ્રકરણ ૫ મું.

ભયંકર ભોંયરૂં.

વાંચક ! આપણે જોઈ ગયા કે શાન્તાને તો તદન જ નિરાશ
થઈ બદમાશો ભોંયરામાં નાંખી ગયા, પછી તેઓનું શું થયું તે
આપણે જોઈશું, તે બિચારી નિર્દોષ બાળાઓને બેભાન રાખી ગયા હતા.

નીચે ભયંકર ભોંયરૂં કે જે આપણે આગલા પ્રકરણમાં જોઇ ગયા છીએ, તેમાંની એક કોટડીમાં તેઓ સબડતી હતી કે જ્યાં રાતની વાત તો શું પરંતુ દિવસે પણ અંધારૂં રહેતું હતું આ બંધખાને તેમની અવસ્થા દયા ઉપજાવે એવી હતી. વાડીમાં રમણ અને કીશોર સાથે સ્વચ્છ ગમ્મતમાં મોજ ઉડાવતાં હતા, અને એકાએક આવો ભયાનક બનાવ બન્યો, એ ઉપરાંત તેઓના મનમાં કેવા કેવા વિચારો કંઇની ચક્કર ઘુંચતા હશે. તે વાંચક પોતેજ વિચારી લેશે. આ ઓરડીમાં ભાંગ્યો તૂટ્યો એક ખાટલો પડયો હતો. તેની પર ફાટેલી તૂટેલી ગંધાતી ગોદડીઓ ઉપર તે બન્ને સુન્દરીઓ બે દિવસ અન્ન પાણી લીધાં વગર અશ્રુઓ ટપકાવતી એમની એમ પડી રહી હતી. પરંતુ ચંદ્રમણીની મહેરબાનીથી તે ઓરડીમાંથી બીજી ઉજાસવાળી ઓરડીમાં લઇ જવામાં આવે છે. ચંદ્રમણી તેમની ખાવાપીવાની તેમજ દરેક જાતનાં સુખની સગવડ કરી આપે છે. તે બન્ને બાળાઓને હજી સુધી ખબર નહોતી કે હમને કોણે ઉપાડી લાવ્યું છે. તેમજ ચંદ્રમણી સિવાય તેઓને બીજા કોઇના દર્શન થતાં નહોતાં, અને તેથી તેઓ અજાયબ થઇ હતી કે હમને અહીં કેદ કરવાનું કારણ શું. અને તે બાબે ચંદ્રમણીને પૂછવામાં આવતાં તે પણ કોઇ જાતનો ખુલાશો આપતી નહોતી, એટલી તેઓ ઇશ્વર ઉપર ભરોંસો રાખી તેની પ્રાર્થનામાં દિવસો ગાળતી હતી.

વાંચક! એક બાજુએ વીરભદ્ર તે બન્નેને ગાળો ભાંડતો પોતાને મકાન જાય છે. ત્યારે બીજી તરફ રમણ અને કીશોર ખુનીઓને પકડી મંગાવાથી ખુશ થતાં પોતાનાં મકાને આવે છે. આવતાં રસ્તામાં એક નોકરે ખબર આપી કે "તમારી [illegible]

છે અને તેઓ દિવાનખાનામાં બેઠા છે!"

તેઓ બન્ને દિવાનખાનામાં જાય છે. ત્યાં એક શખ્સને બેઠેલો જોતાં રમણે સવાલ કીધો, "કોણ! અમર કે?" 'હા,' તે શખ્સે ડોકું નમાવી જવાબ આપ્યો.

"મારા જાની! બહુ સારૂં થયું કે અમારા સમયે તું આવી પહોંચ્યો." રમણે સેકંડ મેળવતાં કહ્યું. તેઓ ત્રણેજણા ખુરશીપર ગપ્પાં મારતાં બેઠાં. જ્યાર બાદ ત્રણેજણા જમવાને માટે ગયા. જમી આવ્યાં બાદ તેઓ પાન સોપારી ખાવા પાછા દિવાનખાનામાં આવ્યાં તે વેળાએ રમણે અમરને કાંઇ ખાનગી વાત કહી, એટલે અમર પાસેના રૂમમાં ચાલી ગયો. પાંચેક મીનીટના અરસામાં તે જુવાન મુંબઇના રાજાના સ્વરૂપમાં ફેરવાઇ હાજર થયો. જેણે કાંઇ વાતની દરકાર સ્ત મળતાં મકાનમાંથી ઉતરી ચાલ્યો ગયો. હવે ફક્ત કીશોર અને રમણ વાતો ચલાવતા બેસી રહ્યા.

સમય રાત્રીના નવેક વાગતાનો હતો. ઠંડી ઠંડી હવાની લહેરો આવતી હતી, આકાશમાં વાદળાંથી ઢંકાએલા ચંદ્રમાનો ઝાંખો પ્રકાશ પડતો, આ વેળા સ્ટેશનપર એક મોટર આવી તેમાંથી ત્રણ યુવકો ઉતરી પડ્યા અને સ્ટેશનના પ્લેટફોર્મ તરફ ચાલી ગયાં. જેઓ ગાડીની રાહ જોતાં ઉભા રહ્યા; થોડાજ વખતમાં માણસોની ચીસો વધી, ગાડીનો અવાજ સંભળાયો. એક પળમાં ગાડી આવી થોભી. તેમાંથી બે યુવકો ઉતર્યા, જેની પાસે પેલા ત્રણે યુવકો આવી પેલા બન્ને યુવકોનો સામાન ગાડીમાંથી ઉતાર્યો, ગાડીમાંથી ઉતરનાર શખ્સે ત્રણ યુવકમાંથી એકને સવાલ કીધો. 'ચિરંજીવ! મોટર લાવ્યો છે?' 'હાજી'

વાંચક, આ યુવકો બીજા કોઈજ નહિ, વિરભદ્ર શાસ્ત્રી અને ભદ્રક હતાં અને સોમેશ્વરને લેવા સ્ટેશને આવ્યા હતા.

હવે તેઓ મોટરમાં બેસી સ્ટેશનપરની જાણીતી સફદાર ભુવન હોટલમાં ચાહ પી ઘર તરફનો રસ્તો લીધો.

"પાંકે પૈસે દિવાળી" એ કહેવત પ્રમાણે વિરભદ્રે સોમેશ્વરની સાથે આવેલા આરબ વેપારીને ભપકાથી આંજવા માટે બંગલાને ક્યાર ક્યારનો ઇલેક્ટ્રીકથી સારી રીતે શણગાર્યો હતો. થોડાંજ વખતમાં પેલી મોટર આવી પહોંચી. તેમાંથી સોમેશ્વર, વિરભદ્ર તેમજ સાથે આવેલો વેપારી ઉતરી મકાનમાં દાખલ થયા. કપડાં ઉતારી દિવાનખાનામાં તેઓ ત્રણેજણા ગપ્પાં સપ્પાં મારતા બેઠાં હતાં. આજે આ દિવાનખાનાને રમતે રવીવર્માના તેમજ અમેરિકન ઓઇલ પેઇન્ટીંગના સુંદર રંગીન ચિત્રોથી શણગારવામાં આવ્યો હતો, તેમજ ચીનાઇ મખમલનો ગાલિચો પાથર્યો હતો. જેની ઉપર જરી કામ કરવામાં આવ્યું હતું. તેની ઉપર લાઇટનો ઉજાસ પડતો હોવાથી સ્વર્ગ જેવો આભાસ થતો હતો. બે વાગ્યા સુધી આરબ વેપારી સાથે ધંધા બાબતની વાતો ચલાવી, જમીને બાદ કોફી પી આરબ વેપારી ત્યાંથી ઉઠી સુવાને માટે પોતાને અપેલા રૂમમાં આવી થોડીજ પળમાં ઉંઘમાં ઘોરતો થઇ જાય છે. ઓહ! નિદ્રાદેવીને આધિન થયલાં ભલા મુસાફર! હાશ તો તું મીઠી ઉંઘમાં ઘોર! તને ક્યાં ખબર છે કે તારા મોતના ડંકા અમદાવાદમાં વાગી ચુક્યા છે. જે પળ જાય છે તેમાં તારી જીંદગાની ટુંકાતો સમય નજદિક આવતો જાય છે! વિરભદ્ર પેલા કરાળ બેલાણીની સર્વ હકિકત સોમેશ્વરને કહે છે. અને તેથી તે ઉશ્કેરાઇ બોલી ઉઠે છે.

"કાંઇજ ફીકર નહિ, કાલે એક ઠાંકરે બે પક્ષી મરશે. એક બાજુ આરબ વેપારીનો કેસ આપણા કાસીમના હાથે થશે, ત્યારે બીજી બાજુ આપણે બધા મળી રમણ અને કિશોરનો રસ્તો કરીશું" આ વખતે ઘડિયાળમાં ત્રણના ટકોરા થતાંજ તે બેલ્યો. "ચાલ, એ વાત જવાદે, કાલે થઇ રહેશે. હવે મારા બુલબુલના દર્શન કરાવ, તેઓની હાલત કેમ છે?" "તેઓ આનંદમાં દિવસો ગુજારેછે."

"ચાલ મારી સાથે! પેલું ફાવસ લઇલે!" સોમેશ્વર આટલું બોલી એક ચળકતું બેટરીવાળું ફાનસ લઇ વિરભદ્ર સાથે ભોંયરામાં ઉતરી શાન્તા અને કુમુદવાળી ખોળીમાં આવ્યો, આ વખતે તે બન્ને સુન્દરીઓ એક શીખંડના સ્પ્રીંગવાળા પલંગપર, આફત-વીતાથી ઘેરાયલી નિદ્રાદેવીના ખોળામાં ઘોરતી હતી. વિરભદ્રે ફાનસનું અજવાળું તેઓના ઉપર નાંખ્યું. ફાનસના અજવાળાથી તેઓના મોઢાં સાફ ચાંદની જેવા દેખાતાં હતાં, જેઓના મુખ પરથી લાલી ઉતરી ગઇ હતી; તેઓના હોઠો ફીકકા પડી ગયા હતા અને ગુલાબી ગાલોમાં ખાડા પડયા હતાં, છતાં તેઓએ પહેરેલી બનારસી સાડી તેઓના નિર્દોષ ચહેરાને ઓર શોભાવતી હતી.

"આહાહા! તમારૂં ચંદ્ર સરખું મૂખડું નિહાળવાને આજે હું ભાગ્યશાળી થયો છું." સોમેશ્વર મનમાંજ બબડી વિરભદ્રને કહ્યું.

"વિરભદ્ર! ઉઠાડ એ સુંદરીઓને અને પાસેની ખોલીમાં લાવ... ત્યાં લાઇટ તો હશેજ? ..."હા," વિરભદ્ર જવાબ આપે તે પહેલાં ખોલીની બ્હાર સોમેશ્વર ચાલ્યો ગયો.

"ઉઠો ઉઠો સુંદરીઓ! તમારૂં આજે ભાગ્ય ખીલ્યું છે!" વીરભદ્રે તેઓનાં હાથ ઝાલી ઉઠાડતાં તે બન્ને બાળા ઝબકીને જાગી

ઉઠી અને વિરભદ્રને જોઇ કુમુદે સંબોધન કીધો "કોણ ? વિરભદ્રભાઇ! તમે અહી ક્યાંથી ?" "અરે, ચુપ રહો, તમે મોટથી બોલશો નહીં, હું તમારો છુટકારો કરવા અહીં આવ્યો છું માટે મારી સાથે મુંગે મોઢે ચાલો !"

"ભલે ભાઇ, તમારો ઉપકાર હમે કદિ વિસરીશું નહિ !" કુમુદ અને શાન્તા આટલું બોલી વિરભદ્ર સાથે બીજી ઓરડીમાં આવ્યા, જ્યાં સોમેશ્વર મોટા આડંબરથી બેઠો હતો ત્યાં તેઓ આવ્યાં સોમેશ્વરે કુમુદ અને શાન્તાને જોઇ ખડખડ હસી પોતાની બેઠકપરથી ઉઠી બોલ્યો, "આવો આવો મારા હૃદયના જીવનહાર પધારો, કેમ આનંદમાં તો છોને મારી વ્હાલી શાન્તા !" સોમેશ્વરને જોઇ કુમુદ અને શાન્તા કાંઇક આશ્ચર્ય પામી, પરંતુ તેને આવા શબ્દો બોલતો જોઇ તેઓ ચોંકી. સોમેશ્વર સામે એક નજર કરી ગભરાયલે ચ્હેરે નીચે જમીન કોતરતી ઉભી રહી.

"કેમ અટકી ગયા ? આવો આ ખુરશીપર બેસો, વ્હાલી શાન્તા ગભરાઇશ નહિ! હુંજ તમને અહીં લાવ્યો છું !" કુમુદ અને શાન્તાને ખુરશીપર બેસાડતો કહ્યું.

કુમુદ અને શાન્તા ધ્રુજતાં ધ્રુજતાં ખુરશીપર બેસતાં કુમુદે હીંમત કરી સોમેશ્વરને કહ્યું "ભાઇ સોમેશ્વર! તમે હમને અહીં શા માટે લાવ્યા છો ? અમને હમારે મકાને મૂકી આવોતો બહુ સારૂં ! બહુ દિવસ થયા અમારા વિના પિતાજીને ગમતું નહિ હશે !"

"શું કહ્યું ? પિતાજીને તમારા વગર ગમતું નહિ હશે! ના ના, તમારી ભુલ છે તમારા પિતાજી તો તમને મુએલી ધારી ક્યારના સ્નાન સુતક કરી પોતે પણ તમારી માતાને વિધવા બનાવી યમના

દરબારમાં પહોંચી ગયા તેમજ કુમુદ! હારા પિતાજીએ તારા માટે પસંદ કરેલો પતિ જયચન્દ જેને તું પસંદ કરતી નહોતી તે મારા કામમાં આડે આવવાથી તેને પણ મારા કાસીમે પેલી જેલખાનમાં મોકલી દીધો! માટે વ્હાલી! તમે નિર્ભય થયા છો, અને હવે મારા આશરા હેઠળ છો, માટે કોઈનો ડર ન રાખતાં મારી સાથે અમનચમન તે મોજ મજા ઉડાવો!" ધીરજ આપતાં સોમેશ્વરે કહ્યું.

આ હકીકત સાંભળી તેઓ બંન્ને જમીનપર બેસી રડવા માંડયું. પરંતુ બીજીજ પળે સોમેશ્વર બરાડયો "ખબરદાર! મારા મકાનમાં એ ધાંધલ ન જોઈએ. આ કંઈ રડવા કકળવાનું સ્થળ નથી. માટે રોવાનું છોડી દઈ મારી વાત સાંભળી લ્યો."

શાન્તા તથા કુમુદે સોમેશ્વરને ખીજવાએલો જોઈ તેઓ જમીનપરજ ઘુંટણ માંડીએ શાંત પડી રહી. અને સોમેશ્વરે પોતાનું દાસ્તાન આગળ ચલાવ્યું.

"સુંદરીઓ! એ બધું મારૂંજ તર્કટ રચેલું હતું અને તે તમારેજ લીધે, મેં તમને જ્યારથી જોઈ, ત્યારથી મારૂં દિલ તમારી તરફ આકર્ષાયું. અને તમને કેવી રીતે હાથ કરવી એ લાગ શોધતો હતો. એટલામાં થોડા દિવસના અરસામાં તમે તથા તમારા પિતાજી વિકટોરીયામાં બેશી ફરવાં નીકળ્યાં હતાં, અને તમારી પાછળ હું પણ મારી મોટરમાં બેસી ફરવા નીકળ્યો. મારા સારા નશીબે તમારો ઘોડો ભડકયો, ઘોડો ચારે પગે કુદતો વિકટોરીયા લઈને ન્હાસી છૂટયો. કોચમીનસાહેબ પણ જમીનપર પટકાઈ પડયા. અને તમે બેભાન સ્થીતીમાં વિક્ટોરિયાની અંદર પડયાં, તમારા પિતાજી મોટે ધાંટે ઘોડાને અટકાવવા માટે લોકોને બુમ પાડી મદદ માંગતાં હતાં

ઈશ્વર કૃપાથી તે ઘોડાએ મારા બંગલાના દરવાજા આગળ ઠોકર ખાધી અને જમીનપર પટકાતાં પોતાનો જાન ખોયો, વિકટોરિયાના ચુરેચુરા થઈ ગયા હતા. હમોએ તમારા પિતાજીને તેમજ તમને અમારા બંગલામાં લઈ ગયાં જ્યાં તમને શુદ્ધિમાં આણ્યાં, ત્યાર પછી તમો ત્રણેએ ચાહ-પાણી લીધાં, બાદ તમારા પિતાજીને મારો ખાસ ઘોડો તથા નવી વિકટોરીયા તમારાં મુખડાં જોઇ ખુશીથી આપી દીધાં, તે તો તમને ખબર હશે?" સોમેશ્વરે હસતાં સવાલ કીધો.

"હા," કુમુદે જવાબ આપ્યો, કુમુદનો જવાબ મળતાં સોમેશ્વરે પોતાનું ટાહેલું પાછું ફરવા માંડ્યું.

"સાંભળો! ત્યાર પછી તમારા પિતા સાથે મારી ઓળખાણ થઈ, અને હું તમારા મકાને આવતો જતો થયો. થોડાજ વખતમાં તમારી તેમજ તમારાં આખાં કુટુંબના ભેદભરમથી જાણીતો થયો. કુમુદ! તું પહેલાં જયેન્દ્રને ચાહતી હતી, પરંતુ પેલો બદમાસ રમણ કે જે હાલમાં કીશોરનો અન્નદાતા, તેમજ સરકાર પાસેથી પરવાનો મેળવી ડીટકટીવ તરીકે મારી પાછળ પડયો છે તે જ્યારથી કીશોર સાથે તારા મકાનમાં આવતો જતો થયો ત્યારથી તું તેને ચહાતી થઈ. અને શાન્તા! તું પેલા કંગાળ ભીખારી કે જે થોડાજ વખત પહેલાં ઘર ઘર ભટકતો, ભીખનાં ટુકડાં માગી ખાતો હતો અને હાલમાં રમણનો જોડીદાર બન્યો છે. તે કિશોરને તું ચ્હાય છે! કાંઇ નહિ તે બન્ને કૂતરાંઓને થોડાજ વખતમાં તમારી સમક્ષ લાવી ગોળીથી નો ઉડાડી મૂકું તો હું મારા બાપનો બેટો નહિ!"

સોમેશ્વરને અટકાવતાં શાન્તા ઉશ્કેરાઇ બોલી ઉઠી "ખબરદાર! તેઓને માટે જરાપણ ભુંડું બોલીશ નહિ, પાપી! હું તારાં સર્વ

પ્રયોજિતવાં હાથમાં ખુશ હાર્યો જુલમગાર... સોમેશ્વર તેને આર-
ખતો બોલ્યો,

"અરે! આ પાંપી આખી કહેવાનું છોડી દે; મારા હૃદય
ધુરંધુ સાંભળ તારી મારી માનકડી લાડકી!

શામળી જાણી મેં હતી કે પાણીના હાથમાં સંબંધ થયો તેથી
બિચારી આંખમાં આંસુ ટપકતી ચૂપ ઊભી રહી. જ્યારે સોમેશ્વર
પોતાની નાનકડી મૂઠી પર હાથ ફેરવતો મનમાં ખુશ થતો પોતાનું
હાસ્ય આગળ ચલાવ્યું. "સાંભળ! હું તમારા મોહથી બંધાયો
હતો કે હંસનો ચારો કાગડાઓ ઉડાવી જશે;" જેની પાછળ હું
ઝૂઝતો, હૃદયમાં મારી પ્યારી કેવળ તમે સુંદરીને ખાતર બહુ શણ-
ગાર્યા. આંગળી હતો તેને પુસ્તકમાં ભૂંસી નાખવાની તૈયારી
હતી. સારું થયું કે તમારા પિતાને મળેલા પૈસાઓના
આનમાં તેઓએ ટોપલી ખોલાવી ચાલે, હું હાર્યો! કેમકે જોને મેળ-
વવા જીવતોડ મહેનત કરી રહ્યો હતો તો કે હું આમાં મેળવીશ!! અને
સુંદરીઓ! તમને મેળવી માંગ મારી પાછલી આળમાં, ચાર ટકોરા
સાંભળી મેં આટકો, અને તે મને ... ... આ ...
પ્રકાશ બોલ્યા થતાં પાછું સોમેશ્વરે આગળ ચલાવ્યું.

"હમણાં મહોર! ... મહેલમાં મેં મારી તૈયારી પર
કરી; આ માણસો આમ તમારી જ ... ... આજે
આગમનથી ... માથું વગરની ... જેઓને ...
ધમકી થઈ ત્યારે પહેલાં ... આંખમાં આવી હતી કે જેથી તમારા
પિતાજી તથા પાછળ જોડાયેલા માણસો, તેમજ ... ...
આપવાનું ... માણસોને મારી કરેલી ... મુજબ

પાર્ટીમાં રંગ જામતી, એકાએક મોટો ધડાકો કીધો જેથી સર્વે બેભાન થઇ ગયાં, અને તે અરસામાં તમને ત્યાંથી ઉઠાવી બેભાન કરી, તમારા દાગીના ભાગીતોડી આં નાંખી દીધાં, તેમજ તમારા વસ્ત્રો ઉતારી પેલી બગિચામાં નાંખેલી લાશોને પહેરાવી, તેમજ મોટ-રમાં લાવેલો લોહીનો ઘડો જેમાંથી લોહી પાર્ટીના પાસેના રૂમથી નીચે સુધી છાંટી તેઓ પસાર થતાં હતાં, એટલામાં જયેન્દ્રે તમને મોટરમાં નાંખતાં જોઇ તે મારા માણસ ઉપર ધસી આવ્યો, પરંતુ એકજ અવાજથી તે રામશરણ થઇ ગયો. તેને પણ બગિચા-માં નાંખી, તમને આ ભોંયરામાં લઇ આવ્યા!”

આ વખતે તે બન્ને સુંદરીઓના નયણોમાંથી ધોધમાર આંસુઓનો પ્રવાહ વહેતો હતો તે જોઇ સોમેશ્વરે સમજાવતાં કહ્યું “ના રડો, સુંદરીઓ! ના રડો!” આટલું કહી વિરભદ્ર પ્રત્યે કહ્યું “વિર-ભદ્ર! લાવ! એ બન્ને માથાઓ અને મારી વ્હાલીઓને બતાવ કે, તેઓની ખાત્રી થાય, અને નિર્ભય રહે!”

વિરભદ્ર ત્યાંથી ચાલી ગયો અને એક પળમાં એક નાનકડી પેટી લાવ્યો તેને ખોલી તેમાંથી બે માથાઓ કાઢી સોમેશ્વર પાસે મૂકયા, એ માથાઓ કોઇ હલકી કોમની કોઇ નિર્દોષ બાળાનાં હતાં, તે તેઓનાં કાનમાં પહેરેલાં દાગીનાઓથી સ્પષ્ટ જણાઇ આવતું હતું. જેઓના મૂખડાં લોહી વગરનાં કરમાઇ ગયાં હતાં છતાં તેઓનાં ચહેરા ઉપરથી માલમ પડતું હતું કે તેઓ સુંદર દેખાવડી હતી. પરંતુ અફસોસ! પાપીઆ પિશાચોએ કોઇ ગરિબનાં ઘર ભાંગી નાંખ્યાં હતાં. કુમુદ તથા શાન્તા તે માથાઓ જોઇ દેખતાંજ થાંભલાની માફક ઉભી રહી, તે જોઇને સોમેશ્વરે કહ્યું—

"શીદ ગભરાઓ છો, વ્હાલી ! એ બિચારીઓને તમારે સીધેજ યમદરબાર મોકલવી પડી છે." એમ બોલી મોંઢું મલકાવતો શાન્તાનો હાથ ઝાલવા ગયો પણ શાન્તા ત્યાંથી બે કદમ પાછી હઠી સોમેશ્વરને કહ્યું, "અરે દુષ્ટ દૂર ઉભો રહે ! પાપીઆ સોમેશ્વર ! ઓ મિત્રદ્રોહી વિશ્વાસઘાતક કૂતરાં ! ખબરદાર ! મારા શરીરને અડકીશ નહિ, શું ! પિતાજી સાથે મિત્રતાનો ડોળ બતાવતો હતો તે આવા કાળાં કૃત્યો કરવા માટે ? ઓ પાપી ! નરાધમ-પિશાચ જરા આંખ ખોલીજો ! તારા જેવાં જુલ્મીઓના પાપના ભારથી આપણી આ ભારતભૂમિ સ્મશાન ભૂમિના આકારમાં ફેરવાતી જાય છે !"

જે શાન્તા હજુ સુધી સોમેશ્વરને જોઇ ધ્રુજી મરતી હતી. તે શાન્તાનું આ વખતનું સ્વરૂપ કોઇ અલૌકિક દિશાતું હતું. જાણે મહાકાલી પોતાનું પ્રચંડ સ્વરૂપ ધારણ કરી કોઇ રાક્ષસની સાથે યુદ્ધ કરતી હોય તેવી રીતે તેની મુખાકૃતિ ફેરવાઇ ગઇ હતી, આંખોમાં અગ્નિ પ્રકટતો હોય તેવી લાલચોળ દેખાતી હતી. આવું સ્વરૂપ જોઇ કુમુદે શાન્તાને શાંત થવા માટે કહ્યું, " બ્હેન શાન્તા ! જરા ધિરજ ધર, પ્રભુ આપની સ્હાય કરશે." આટલું કહી સોમેશ્વરને કાલાવાલા કરતી ઘુંટણે પડી બોલી, "ભાઇ સોમેશ્વર ! ચોતરફ આફતોથી ઘેરાયલી ગરીબડી ગાયઓને શીદ રીબાવી મારે છે ભાઇ ! આવાં પાપી કૃત્યો કરવાનાં છોડી દઇ, જે થયું તેની ઇશ્વર પાસે માફી માંગી પ્રાર્થના કર કે જેથી તારૂં પાપ ધોવાઇ તું નિર્મળ દુધ જેવો થશે, ભાઇ ! હમને હમારે ઘેર મૂકી આવ, તારૂં ઇશ્વરભલું કરશે!"

"મ્હારૂં તો ઇશ્વર ભલુંજ કરશે. કેમકે હું કયા પાપી પગલાં ભરૂં છું. હું તો તમારા જેવી સુંદરીઓને દુઃખમાં પડતી બચાવી

રહું છું. અને તેવીજ રીતે તમોને કાગડાઓને મોઢે ઓળાતા બચાવી લીધી છે." એમ કહી શાન્તાને સોમેશ્વરે પોતાના રાક્ષસી હાથમાં ઉચકી લીધી અને પલંગપર બેસાડતાં કહ્યું 'વ્હાલી ! આવું ઇંદ્રના રાજમહેલ જેવું સુખ મેલી ક્યાં ગરીબાઇની ખાઇમાં પડે છે !" કુમુદ કે જે હજુ સુધી ઘુંટણીએ પડી રહી હતી, તે સોમેશ્વરના હાથમાંથી છુટવાને ફાંફા મારતી શાન્તાને જોઇ એકાએક ઉઠી, અને ખુરશી પર પડેલી રીવોલ્વર લઇ સોમેશ્વર સામે ટાંકી, પરંતુ પાસે ઉભા રહેલા વીરભદ્રે તેનો હાથ છટકાવ્યો, એટલે એક ઓરડીમાં ધુમાડાનો ગોટો નીકળ્યો, બાર ખાલી ગયો ગોળી ભીંત કોચીને આરપાર નીકળી ગઇ. અને રીવોલ્વર નીચે પડી વીરભદ્રે તેનો હાથ છટકાવ્યો ન હોત તો ક્યારનો સોમેશ્વર સ્વધામ પહોંચી ગયો હોત.

રીવોલ્વરના અવાજથી સોમેશ્વર ત્યાંને ત્યાં મોનના પુતળાંની માફક સ્થંભી ગયો પરંતુ હાથમાંથી છૂટેલી શાન્તાને પલંગપરથી કુદી પડી જોતાંજ સોમેશ્વરે પાછી પકડી, તેના હાથ પોઠ પાછળથી એવા પકડ્યાં હતા કે તનાથી બિલકુલ ચશા શકાતું નહોતું, શાન્તા ગુંગળાઇ જતી હોય તેમ મુંગે મોઢે છૂટવાને માટે ધમપછાડા કરી રહી હતી. સોમેશ્વર તેને પટાવતાં કહ્યું:—

'વ્હાલી શાન્તા ! શા માટે ખેંચતાણ કરી રહી છે, હવે તો તું મારી થઇ છે. માટે વ્હાલી ! પ્રેમની પ્યાલી, આ તૃષ્ણાથી સોપાઇ ગયલાં ત્હારા સોમેશ્વરને પાઇ તેનો જીવ શાન્ત કર!" આટલું બોલી પાછો પલંગ પાસે લઇ આવ્યો, આ વખતે વીરભદ્રે કુમુદને પોતાના હાથમાં પકડી રાખી હતી. જેણે એકાએક જોર કરી હાથમાંથી છટકીને એક તમાચો જોરથી વિરભદ્રને લગાવી દીધો અને એકદમ સોમેશ્વર પર મસારો કરી કહ્યું "પાપી નરાધમ ! હવે તારૂં આવી

બન્યું!" એમ કહી તેને બાઝી પડી શાન્તાને ફરી એકવાર છૂટી કરે છે પરંતું વિરભદ્ર કે જે કુમુદના તમાચાથી પોતાની શુદ્ધ ખોઇ બેઠો હતો, તેણે હવે કુમુદને પાછી પકડી તેનો હાથ મચડી નાખી તેને નાઇલાજ બનાવી.

"એને લઇ જા પેલી ઓરડીમાં કે તેની શુદ્ધ ઠેકાણે આવે!" સોમેશ્વર વિરભદ્રને કહે છે એટલામાં તો એક સનસનાટ કરતી ગોળી આવી ત્યાં સળગતી લાઇટના ચુરેચુરા કરી નાંખ્યાં, લાઇટ હોલવાઇ જવાથી ઓરડીમાં અંધકાર ફેલાઇ ગયો, અને તેની સાથેજ એક ઘોર અવાજ થયો, કુમુદ, શાન્તા, ગભરાશો નહિ! હું આવી પહોંચ્યો છું!!

એક બીજા ધડાકા સાથે સવાલ થયો, 'ઓ જુલ્મી સોમેશ્વર! હવે તું મારા હાથમાં સપડાયો!"

પ્રથમ ભાગ સમાપ્ત.

પ્રસિદ્ધ કર્તા—નગીનદાસ હરકીશનદાસ વાંકાવાળા.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—ચોકબજાર—સુરત.

છાપનાર—ઠાકોરદાસ માનસીંગ.

છાપવાનું ઠેકાણું—"જૈન વિજય પ્રિન્ટિંગ પ્રેસ".

ચૌટાના પુલ ઉપર—સુરત.